સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

છે તળિયે તિજોરી ખેડૂ ને ખૂશી આલશો કેમ ?
હૈયે હિંદુત્વ, હવે મુસ્લિમનો હાથ ઝાલશે કેમ ?
પટાવશો કેમ દલિતોને, અત્યાચારો થયા પછી -
વાળ્યા છે વચનોના કાંટ ચૂંટણી-પથે ચાલશો કેમ ?

હાઈકુ

આંખે મોતિયા !
ફાઈલે ન દેખાયું ?!
જૂઓ ત્રિનેત્રે...
(આંકડાની ઈન્દ્રજાળ ?!)

શીખી ગયું છે
હવામાન ખાતું ય -
ચૂંટણી - ચાલ
(આગાહીમાં ગૂંલાટો)

ચિંતન

આશ્રમાંસ્તુલયા સર્વામ્ ધૃતાનાહર્મનીષિણ :
એકતશ્ચ ત્રયો રાજન્ ગૃહસ્થાશ્રમ એક્તઃ ॥

ઉપરોક્ત શ્લોક મહાભારત શાંતિપર્વમાંથી લેવામાં આવેલ છે.

એવું કહેવાય છે કે એકવાર ચારેય આશ્રમોને ત્રાજવા ઉપર તોળવામાં આવ્યા હતા. એક પલ્લામાં ત્રણ આશ્રમો રાખ્યા અને બીજા પલ્લામાં ગૃહસ્થાશ્રમ રાખ્યો છતાં ત્રાજવું સમતોલ રહ્યું.

પરમાત્માએ માણસને સો વરસની જિંદગીની સમયાવધી આપી છે. આ સોવર્ષમાં પહેલા પચ્ચીસ વર્ષ બ્રહ્મચર્યાશ્રમ, બીજા પચ્ચીસ વર્ષ ગૃહસ્થાશ્રમ, ત્રીજા પચ્ચીસ વર્ષ વાનપ્રસ્થાશ્રમ અને છેલ્લા પચ્ચીસ વર્ષને સંન્યાસાશ્રમ તરીકે ઓળખાવ્યા છે.

શાંતિપર્વમાં મહાયુદ્ધને અંતે જયારે યુધિષ્ઠિર વ્યથિત થઈને રાજધર્મ નિભાવવાને બદલે સંન્યાસ ઉત્તમ છે એમ કહે છે ત્યારે તેમને સમજાવવા નાનાભાઈ નકુલે આ શ્લોક ટાંક્યો છે. પ્રાચીનકાળે એકવાર ચારે આશ્રમો વચ્ચે વિવાદ થયો ત્યારે બ્રહ્મર્ષિઓએ ત્રાજવાના એક પલ્લામાં એકલો ગૃહસ્થાશ્રમ મૂક્યો અને બીજા પલ્લામાં બીજા ત્રણેય આશ્રમો મૂક્યા ત્યારે ત્રાજવું સમતોલ રહ્યું હતું. ગૃહસ્થાશ્રમ સૌથી વજનદાર છે તેનો આ સંકેત છે.

ગૃહસ્થ ધર્મ નિભાવે છે એમના દ્વારા જ થાય છે. બીજું કોઈએ કરી શકતું નથી. આમ ગૃહસ્થ ધર્મની સર્વોપરિતાનો આમાં સંદેશ આપવામાં આવ્યો છે.

સુવિચાર

- ધડકન કાશી હો જાતી હૈ, જબ સાંસે પ્યાસી હો જાતી હૈ,
  અખિયોં મેં મદીના ઝલકતા હૈ, જબ રૂહ સંન્યાસી હો જાતી હૈ - **દાગ દહેલવી**
- તું જ છઈણી, તું જ શિલ્પી, અને પથ્થર પણ તું, ઘડી લે આકાર જીવનનો...
  જેવો તું ચાહે તેવો તું - **એસ. ભટ્ટાચાર્ય**
- બધી મોટી મોટી 'હસ્તીઓ' વચ્ચે તમારા માટે 'હસતી' વ્યક્તિને
  મહત્ત્વ વધારે આપજો - **અખંડ આનંદ**
- આજના જમાનાની સમસ્યા 'નિષ્ક્રિય યુધિષ્ઠિર'ને સક્રિય 'દુર્યોધન' - **સુરેશ દલાલ**
- એકવાર ભગવાન અને માણસનો ભેટો થયો, બંને જણાના મનમાં વિચાર આવ્યો...
  'મને બનાવવા વાળો..'- **રામજી પરમાર**
- સિદ્ધાંત કરતાં સહકાર અને બહુમતી કરતાં સહમતી શ્રેષ્ઠ છે - **મોરારિ બાપુ**
- આજનું ઔષધ : ફલુની સામે ગળો, ભારંગી, ત્રિફળા, કડુ, ત્રિકટુ, ઉકાળીને પીવાથી રક્ષણ મળે છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

શ્રમણ સંઘમાં જ્ઞાનચર્ચામાં એક પ્રશ્નની ચર્ચાનો અંત આવતો ન હતો. પ્રશ્ન હતો. ભવસાગરમાં પહેલો કોણ ડૂબે ?કામી ? ક્રોધી ? લોભી ? મોહી ? કે અભિમાની ? શિષ્યો સૌ પોતપોતાના મંતવ્યો રજૂ કરતા હતા છતાં કોઈ નિર્ણય ઉપર આવી શકતા ન હતા. એવામાં મહાવીર ત્યાં આવ્યા, સૌ એ પૂછ્યું, 'ભવસાગરમાં પહેલો કોણ ડૂબે ?' મહાવીરે જવાબ આપતા કહ્યું, 'તમારી સૌ પાસે તુંબડા છે જે સૂંકા છે તથા તેમાં કયાંય કાણું નથી પછી એ તુંબડાને ડૂબવાનો ભય ખરો ?'શિષ્યોએ કહ્યું, 'ના ભગવાન, એમાં વળી શેનો ભય ?'

મહાવીરે કહ્યું, 'ધારો કે તુંબડામાંથી નીચેથી કાણું પડે તો ?' શિષ્યોનો જવાબ 'તો ધીરે ધીરે ડૂબવાનો ભય ખરો.'

મહાવીરે આગળ પૂછ્યું, 'પણ ઉપર છિદ્ર પડે તો તુંબડું ડૂબશે ?' શિષ્યોએ કહ્યું, 'ડૂબે તો ખરું પણ થોડો વધુ સમય લાગે.' મહાવીરે કહ્યું, 'એકાદ છેડામાં છિદ્ર પડી જાય તો ?' શિષ્યોએ કહ્યું, 'પ્રભુ, છિદ્ર ગમે ત્યાં પડે, છિદ્ર એ છિદ્ર જ છે માટે તુંબડાને ડૂબવાનો ભય તો ખરો જ ને ?' મહાવીરે કહ્યું, 'તો પછી તુંબડામાં કાણું કયાંથી પડ્યું કે કેવડું પડ્યું એ મહત્ત્વનું નથી. ખરું મહત્ત્વનું તો તુંબડામાં છિંદ્ર ન પડે એ જ છે ને ?' શિષ્યોએ કહ્યું, 'બીલકુલ સાચી વાત પ્રભુ'

મહાવીરે કહ્યું, 'તો પછી કામ, ક્રોધ, મોહ, લોભ, મદ કે મત્સર એ વાત બહુ મહત્ત્વની નથી. કોનામાં કયો દુર્ગુણ નાનો કે મોટો છે એ જ વાત મુખ્ય છે. દુર્ગુણો બધા જ એકસરખા ખરાબ છે. જેમ છિદ્ર ગમે તે જગ્યાએ હોય તો પણ તુંબડાને ડૂબવાનો ભય છે. અને નાનકડો દુર્ગુણ પણ જીવાત્માને ડૂબાડવા સમર્થ છે.'

સૌ ને ભવસાગરમાં પહેલો કોણ ડૂબે ? એ પ્રશ્નનો જવાબ મળી ગયો.

અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડ વૉર

તંત્રીસ્થાનેથી...

અમેરિકાએ રિપબ્લિકન પાર્ટીના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે ચૂંટણી લડનાર ડોનાલ્ડ ટ્રમ્પ પર પસંદગીનો કળશ ઢોળ્યો ત્યારે બાકીની દુનિયાને આશ્ચર્ય થયેલું. સામે સૌમ્ય રાજનીતિજ્ઞ મહિલા ઉમેદવાર હિલેરી ક્લિન્ટન હતાં, જેમના પતિ અગાઉ બે ટર્મ સુધી રાષ્ટ્રપતિનું પદ ભોગવી ચૂક્યા હતા. વળી ડેમોક્રેટિક પાર્ટીના નિવૃત્ત થઈ રહેલ રાષ્ટ્રપ્રમુખ બરાક ઓબામા દિલ લઈને હિલેરી ક્લિન્ટનની તરફેણમાં ધુવાંધાર પ્રચાર કરતા હતા. ટ્રમ્પ કોઈ નામાંકિત રાજકારણી નહોતા. એ તો નામચીન વેપારી અને ઉદ્યોગપતિ હતા. રિપબ્લિકન પાર્ટી છેલ્લાં ઘણાં વર્ષોથી સત્તાથી દૂર ફેંકાઈ ગઈ હતી. એથી એની પાસે ઓબામા કે ક્લિન્ટન દંપત્તિની બરોબરી તો દૂર એમની હરોળમાં ઊભા રહી શકે એવો કોઈ ઉમેદવાર પણ નહોતો. આથી અગડમ બગડમ કોઠાં કબાડાં કરી બે પાંદડે થયેલા ડોનાલ્ડ ટ્રમ્પને પાર્ટી તરફથી રાષ્ટ્રપ્રમુખ પદની ચૂંટણી લડવાનો મોકો મળી ગયો હતો. ટ્રમ્પને અમેરિકાનો બૌદ્ધિક જનસમુદાય તો શરૂ થી જ હારેલા ઉમેદવાર ગણતો હતો પણ જયારે મતગણતરી થઈ ત્યારે ટ્રમ્પ વિજયી ઘોષિત થયા, તે પણ મોટા તફાવતથી. ટ્રમ્પના ચૂંટણી વિજય પાછળ 'અમેરિકા ફર્સ્ટ' નું સૂત્ર કામ કરી ગયું હતું. દેવાળિયા, દારૂડિયા અને વ્યભિચારી ટ્રમ્પ પાસે આ દેશાભિમાન અને રોજગારના મુદ્દા હતા. ચીનને કૂદકે ને ભૂસકે આગળ વધતું જોઈ ટ્રમ્પ અકળાયા હતા. પોતે વેપારી કોઠાસૂઝ ધરાવતા હોઈ ચીનની ચાલ સમજવામાં એમને ઝાઝી તકલીફ નથી પડી. એમણે અમેરિકાની વધુ પડતી ઉદારમતવાદી નીતિને કારણે દેશ પારાવાર નુકશાન વેઠી રહ્યો હોવાનો પ્રચાર કર્યો હતો. ચીન અને ભારત જેવા દેશોમાંથી આયાત કરેલા તજજ્ઞો દેશની રોજગારીની તકો છીનવી રહ્યા છે અને મૂળ અમેરિકાવાસી યુવાનો બેરોજગારીનો ભોગ બની રહ્યા છે તે સ્થિતિ બદલવાની તાકીદે જરૂર હોવાનો મુદ્દો સ્થાનિક ગોરાઓને આકર્ષવામાં સફળ રહ્યો હતો. ઓબામા જેવા કાળા લોકોની તાબેદારી સામે પણ ટ્રમ્પે ઉઘાડે છોગ પ્રચાર કરીને મૂળ ગોરી પ્રજાની અસ્મિતાનો પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો. અદ્લ કોંગ્રેસની બિનસાંપ્રદાયિક ઉદારમતવાદી નીતિ વિરુદ્ધ ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીયવાદી હિંદુત્વ જેવી જ આ ઉશ્કેરણીઓ ટ્રમ્પ જેવા બદમાશ અને દેવાળિયા વેપારીને પ્રશિષ્ઠ રાજનીતિજ્ઞ હિલેરી ક્લિન્ટન સામે વિજય અપાવ્યો હતો. આ સંકુચિત રાષ્ટ્રવાદની જ ફળશ્રુતિ છે કે ચીન અને ભારતની સાથેના વ્યાપારી સંબંધોમાં અમેરિકાની ટ્રમ્પ સરકારે કરડી આંખ કરી છે. ચીનના વધતા આર્થિક પ્રભાવ પર બ્રેક મારવાનો પ્રયાસ કરતાં ટ્રમ્પે અમેરિકામાં આયાત થતી ચીનની ૫૦ અબજ ડૉલરની ચીજવસ્તુઓ પર ૨૫ ટકા આયાત ડ્યૂટી નાખવાના પ્રસ્તાવ પર મંજૂરીની મહોર મારી દીધી છે. ચીને પણ અમેરિકાને આવી જ પ્રતિક્રિયા પાઠવી છે. આમ બે મહાસત્તાઓ વચ્ચે ટ્રેડવોર ચાલુ થઈ ગયું છે. ટ્રમ્પની ધમકીની અસર વૈશ્વિક શેરબજાર પર પણ થઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં શાંઘાઈ સમિટ પ્રસંગે ટ્રમ્પે ભારત અમેરિકાથી આયાત કરાતી વસ્તુઓ પર ૧૦૦ ટકા ડ્યૂટી નાખતું હોવાની ટીકા કરી હતી. અમેરિકા હવે પાક્કા મારવાડીની જેમ વેપાર ધંધામાં પોતાનું જ હિત જોતું થઈ ગયું છે. અત્યાર સુધી મોટા ભા થવાની લાયમાં અમેરિકાએ ગરીબ દેશોને અઢળક આર્થિક સહાય પહોંચાડી એ મુદ્દે પણ વેપારી ટ્રમ્પ સાવચેત બની ગયા છે. ચીન સામ્યવાદી દેશ છે અને અમેરિકા પોતાને વિશ્વની શ્રેષ્ઠ લોકશાહી તરીકે ઓળખાવે છે. પરંતુ ચીનના શાસકોને પણ કાળાન્તરે સમજાયું છે કે પોતાની ચીજવસ્તુઓ માટે દુનિયા આખી એક મસમોટું બજાર છે. અમેરિકાની સમૃદ્ધિનું રહસ્ય પણ મૂળે તો એનું ઉત્પાદન આખી દુનિયા ખરીદતું રહ્યું છે તે જ છે. સવિશેષ ઉચ્ચ ટેકનોલોજીમાં અમેરિકા આખી દુનિયા કરતાં આગળ રહ્યું છે. એ યુદ્ધનો સામાન વેચીને તગડું બનતું રહ્યું છે. ત્યાં અદ્યતન વિમાનો બને છે જેને આખી દુનિયા ઊંચા ભાવે ખરીદે છે. ચીન પાસે નાનામાં નાની વસ્તુથી લઈ આધુનિક ટેકનોલોજી વાળી વસ્તુઓ બનાવવાની આવડત છે. એ સસ્તાભાવે એનાં ઉત્પાદનોના દુનિયા આખીમાં ઢગલા કરતું રહ્યું છે. બસ, આ મુદ્દે વેપારની ઊંડી સૂઝ ધરાવતા અમેરિકન પ્રમુખ અકળાયા છે. બે મહાન રાષ્ટ્રો રાજકીય સંદર્ભે તો એકમેનની સ્પર્ધા કરતાં જ રહ્યા છે - હવે આ ટ્રેડ વોર શરુ થયો છે. આગામી વર્ષોમાં ચીન અમેરિકાથી આગળ નીકળી જશે એવી ભયગ્રંથિ વર્તમાન રાષ્ટ્રપ્રમુખને સતાવી રહી છે.

પાન (betel leaf)

તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

કહેવાય છે કે ગુજરાતમાં દૂધની દુકાનો કરતા પાનના ગલ્લા વધારે છે. ખાસ કરીને સૌરાષ્ટ્રમાં પાન અથવા તો માવો એટલે કે મસાલા ખુબ જાણીતા છે. સવાર પડે અને મોંમાં ૧૨૦, ૧૩૦, ૧૩૫, ૫૦૦ ની તમાકુનો માવો ન જાય તો દિવસ જામે નહીં. બાકી હવે પાન અને માવાનું સ્થાન એટલે કે મસાલાનું સ્થાન પડીકીઓએ લઈ લીધું છે. કેવા સુંદર નામ છે!!! રજનીગંધા, વિમલ, મિરાજ, બુધાલાલ, પાન પરાગ વગેરે વગેરે...

કરોડો રૂપિયાનું બજેટ આ પડીકીઓ વાળાનું હોય છે અને હા, સૌથી મોટી બ્રાન્ડ માણેકચંદ, તુલસી કરોડોની સંખ્યામાં છોકરાઓ, છોકરીઓ, વૃદ્ધો અને બાળખો પણ એમ બધી જ ઉંમરનાં મનુષ્યો પ્રેમથી એકસાથે ખાય છે. જે આ મસાલો, પડીકી ન ખાતા હોય તે તરત જ ખાતો હોય તેને કહે કે આટલું ગંદુ શું ખાય છો કેટલી ગંધ મારે છે ! ત્યારે ખાનાર વ્યક્તિ તરત જ બોલી દેશે કે ભાઈ, ખાવો ને તો જ ખબર પડે. જેમ કહેવાય છે ને કે જુગાર સારુ રમતા શીખતા પહેલા જુગારમાં પૈસા હારતા શીખવું પડે. સારી રેસ્ટોરાંના માલિક થવુ હોય તો પહેલા ખાવાનો ટેસ્ટ ડેવલપ કરવો પડે. પછી જ લોકોને શું ગમશે, લોકોનો સ્વાદ શું છે અને પછી તમે લોકોના સ્વાદને જાણી શકો કે લોકોને શું ગમશે ? ટૂંકમાં જે વ્યક્તિ તમાકુ કોઈ પણ રૂપમાં લેતો હોય તેને જ મજા આવતી હોય અથવા તો બીજા શબ્દોમાં કહીએ કે ટેવ પડી ગઈ હોય કે વ્યસન થઈ ગયું હોય તે અનુભવે જ ખબર પડે. જો કે, બહુ જ ખરાબ અને ગંભીર વાત છે. તમાકુ કોઈ પણ રૂપમાં શરીર માટે ખરાબ જ છે, જો કે આવું તમે કોઈ તમાકુના વ્યસન વાળાને કહો તો કહેશે કે, અમેરિકા, કેનેડા અને એવા બીજા કેટલાય દેશોમાં તમાકુ પીવાય છે. એ તો બહુ જ ખરાબ હોય. ફેફસાં ખલાસ કરી મુકે. છતાં પણ લોકો પીવે છે. તો આપણા દેશમાં તો સિગારેટની સાથે સાથે ખાવાની અને પીવાની બને રીતની.

તમાકુ મળે છે કેટલું સરસ !!! જે અનુભવ કરે એને જ ખબર પડે. અને સાહેબ, સરકારને જો લોકોની એટલી જ પડી હોય તો તમાકુની ખેતી બંધ કેમ નથી કરાવતા. મોટી મોટી જાહેરાતો આપીને એમ કહેવું કે તમાકું જીવલેણ છે, તેનાથઈ કેન્સર થાય છે, યુવાધન બરબાદ થઈ જાય છે. આટલી જ બધી ચિંતા સરકારને અને એનજીઓ ને છે તો પછી તમાકુની ખેતી કેમ બંધ નથી થતી ?!

આનો જવાબ તમને પણ ખબર છે અને મને પણ ખબર છે આના ઊંડાળમાં ન જતા મારે જે વાત કરવાની છે એ એવા પાનની છે જે શરીરમાં જતા ઘણા બધા ફાયદા કરે છે પણ એ પાન ઉપર તમાકુ, ચુનો, કાથો, સોંપારી, નાખીને ખાવાથી ચોક્કસ શરીરને નુકશાન થાય છે.

અમારું માનવું છે કે પાન એટલુ ખાવાથી શરીરને ખુબ જ ફાયદો કરે છે. હવે સવાલ એ થાય કે એટલું અટલે ? તો એકલુ નો મતલબ છે ફક્ત પાન. મીઠુ પાન પણ નહીં. પાન એટલે કયું ?? તમને થશે કે કયા પાનની વાત કરે છે ? તો નાગરવેલનું પાન.

ફાયદા ઝડપથી જોઈ લઈએ. નાગરવેલનું પાન એકલું ખાવાથી પાચન શક્તિમાં ખુબ જ વધારો કરે છે. અને પાચન સારું થવાના લીધે કબજીયાતમાં બહુ મોટો ફાયદા થાય છે.

સામાન્ય રીતે જેમને એસીડીટી હોય અને ગેસ્ટ્રીક સમસ્યા રહેતી હોય તેમના માટે ભગવાને બનાવેલ અમૃત છે. જે લોકોને ભૂખ ન લાગતી હોય એમણે આ પ્રયત્ન કરવો જોઈએ. સૌથી આશ્ચર્યજનક દાંતમાં તકલીફ હોય તેના લાભ માટે નાગરવેલનું પાન ખૂબ જ સરસ છે. શરદી અને કફ માટે એકદમ ઉત્તમ છે. શરીરમાં વોટર લેવર મેઈન્ટેઈન કરવા માટે જૂના જમાનામાં જયારે કંઈક ઘા થયો હોય ત્યારે વૈદ્યો પાંદડા ચોપડતા એ પાન એ જ નાગરવેલનું પાન. માથું દુઃખતું હોય સાહેબ તો નાગરવેલના પાનનો રસ એકદમ ઉત્તમ છે. મોં પર ખીલ હોય તો નાગરવેલ ખાવાની અને એનો ર ચોપડવાથી લાભ થાય છે. શરીરમાં કોઈ પણ જગ્યાએ એ સોજો આવ્યો હોય તેમાંથી રાહત મેળવવા નાગરવેલનું પાન અતિ ઉત્તમ છે અને સૌથી વધારે ફાયદો જો કોઈને થતો હોય તો એ છે ડાયાબિટીશના દર્દીઓને...

(ક્રમશઃ)

- sgpathlab@gmail.com

વૉટ્સએપ : પરિવાર અને સંસ્કૃતિનાશક વાયરસ

મોરપીંછના રંગ

ડૉ. કનૈયાલાલ ભટ્ટ

જે લોકો ખુબ જ વીવીઆઈપી છે. ઉધોગપતિઓ છે, નેતાઓ છે, સેલેબ્રિટીઓ છે, તેઓ આ સોશ્યલ મિડીયાના વપરાશનો સમય ફિક્સ રાખે છે. આખા દિવસનો ૩૦ મિનિટ કે વધુમાં વધુ એક કલાક... એનાથી વધુ વપરાશ આ માધ્યમ વિનાશ વેરે છે. હવે ધારો કે આપણે સમયનો હિસાબ કરીએ તો દિવસ રાતના કુલ ૨૪ કલાક છે, આઠેક કલાક સુવાના, આઠ કલાક કામના, ત્રણેક કલાક નહાવું, જમવું, તૈયાર થવું, બે કલાક આરામ, એક બે કલાક ટી.વી કે મિત્રો જોડે, અને એકાદ કલાક ટ્રાફિકમાં પસાર થાય છે. એમાંથી રોજના આપણે ઓછામાં ઓછો બધો થઈને ચારેક કલાકનો કુલ સમય વૉટસપ પાછળ બગાડીએ છીએ. આ રીતે જોઈએ તો આપણે આપણા એક વર્ષનો ત્રીજો ભાગ આપણે મોબાઈલમાં એફબી કે વૉટ્સપ પાછળ કે કોલ ફ્રી હોવાથી વ્યર્થ વાતોમાં વાપરીએ છીએ. જેની સાથે આપણને કોઈ લેવાદેવા નથી. આ રોજનો ચારેક કલાકનો બગડતો સમય તમને બોર્ડની પરીક્ષામાં નાપાસ કરી શકે છે, પતિ પત્નીના સંબંધોમાં તિરાડ પાડી શકે છે, ટ્રાફિકમાં અકસ્માત કરાવી શકે છે, તમારા ધ્યેયથી તમને દૂર લઈ જાય છે, સપના તોડે છે, પારિવારિક સંબંધો બગાડે છે, ટૂંકમાં સો પ્રકારે આપણને નૂકશાન કરે છે. આમ છતાંય આપણે સૌ સવારમાં ઊઠતાવેંત જ બધાને ગૂડ મૉર્નિંગ, હેવ એ નાઈસ ડે જેવા વાહિયાત મેસેજો, ફોટાઓ કે વિડીઓ મોકલવા લાગીએ છીએ. વળી આપણે એટલુંયે નથી વિચારતા કે આપણે જેને રોજ સવારે મેસેજ મોકલીએ છીએ તેમનો કેમ કદી સામે રિપ્લાય આવતો નથી ? મતલબ, તમે જે રોજે રોજે એમને મોકલો છો એ તેઓ વાચ્યા વિના જ ડિલિટ કરી નાખે છે અને તમારા સંબંધને કારણે તમને કહીં શકતા નથી કે રોજે રોજ આવું ના મોકલો. વળી આજે અમે તે લોકો આપણને તેમણે બનાવેલા ગ્રુપમાં પૂછ્યા વિના જ સામેલ કરી દે છે. શું આ યોગ્ય છે ? મિત્રો, એક વાતનું ખાસ ધ્યાન રાખજો કે તમારા મોબાઈલમાં જે કાંઈ વિડીયો, ફોટા, ટેક્સ મેસેજ કે લેખો કે સાઈટ આવે છે તે બધુ જ તમારા મોબાઈલમાં કચરાનું જ કામ કરે છે, જો બે ચાર દિવસે આ બધું ડિલિટ ના કરો તો તમારો મોબાઈલ હેંગ કરે છે. બાકી મોબાઈલમાં માણસ જેટલો સજ્જન દેખાય છે તેટલો વાસ્તવમાં હોતો નથી. તેથી આપણા મોબાઈલમાં આવતા કે મોકલાતા સુવિચારોથી એકપણ વ્યક્તિ સુધરવાની નથી એ પરમ સત્ય છે. કેટલાક તો શિક્ષિત લોકો - સ્વામીઓ, બાપુઓ, સંતો કે પક્ષોના એટલા પરમભક્તો હોય છે કે પોતાના શિક્ષણ અને જ્ઞાનને અવરોધીને પોતાની વ્યક્તિગત ભાવના બીજાના મોબાઈલમાં ઠાલવ્યા જ કરે છે, મિત્રો, મોબાઈલ એ આપણું ઘર છે, શું કોઈપણ વ્યક્તિ આપણા ઘરમાં ગમે તેવો કચરો આવીને રોજ નાખી જાય તો આપણે ચલાવી લેશું ? શું આખો દિવસ આપણે તેમણે મોકલેલો કચરો સાફ કરવાનો ? ખરેખર તો આ આપણી અંગતતા ઉપર આક્રમણ છે. કરોડો લોકોની અંગતતાનો ભંગ કરતું વૉટ્સપ ક્યા કાયદાને આધિન ભારતમાં ચાલી રહ્યું છે એની પણ કાયદાશાસ્ત્રીઓએ તપાસ કરવી જોઈએ. આપણા મોબાઈલ નંબરથી દુનિયાની કોઈપણ વ્યક્તિ આપણને પૂછ્યા વિના આપણા મોબાઈલમાં ગમે તેવો કચરો, અમે તેવો અશ્લિલ વિડીઓ કે ફોટા કે લિંક મોકલી શકે ખરા ? એ શું કાયદાનો ભંગ નથી ? કાલસવારે એવા વાયરસ બનવાના જ છે કે મોબાઈલમાં મોકલવામાં આવશે અને આપણે એની ઉપર કલીક કરીશું એટલે કાં તો આપણે દ્દષ્ટિ ગુમાવીશુ કાં તો આપણો મોબાઈલ જ વિસ્ફોટ થશે. કરોડોને સંખ્યામાં પ્રજા આવી રીતે મરશે, પછી વૉટ્સપ પર પ્રતિબંધ આવશે.

મિત્રો, આ વૉટ્સપ કેટલું ખતરનાક છે એનો આપણને અંદાજ પણ નથી. તમે સ્વયમ તમારી જાતને પૂછો, તમે કેટલો સમય વૉટ્સપ પર વિતાવો છો. ખરેખર તો આ વૉટ્સપ એક એટોમિક બોમ્બ છે. આખી દુનિયા આ બોમ્બ પર બેઠી છે. વૉટ્સપ એક રીતે સોશ્યલ શરાબનું વ્યસન જ છે. અને આપણને એ ખબર જ નથી કે આપણે એના શિકાર બનતા જઈએ છીએ. કારણ કે તમે જ વિચારો, થોડો સમય આપણા મોબાઈલમાં કોઈ જ મેસેજ નથી આવતા તો આપણે ડેટાને ઓફ – ઓન કરીને જોઈ લઈએ છીએ. પહેલા તો ફોન આવે તો જ મોબાઈલ હાથમાં લેતા હતા પણ આજે ૨૪ કલાક મોબાઈલ હાથમાં જ રાખીએ છીએ. હું તો કહું છું કે જે મોબાઈલમાં લોક છે જે ઘરમાં મા બાપ કે સંતાનો પોતાના મોબાઈલ સંતાડીને કે લોક રાખે છે તે મોબાઈલની દાળમાં ય કંઈક કાળું હોય છે. ઘણાય તો પોતાનો મોબાઈલ રાત્રે ઓશિકે રાખીને જ સૂવે છે અને આખી રાત આવતા મેસેજો જાગી જાગીને જોતા રહે છે જેનાથી ઉંઘ બગાડે છે સ્વાસ્થ્ય બગાડે છે.

શક્ય હોય તો દરેક વ્યક્તિએ સોશિયલ મિડીયાનો ટાઈમ રોજ ફિક્સ ૩૦ મિનિટ રાખવો જોઈએ, અથવા વધુમાં વધુ એક કલાક, અને એ પણ કામના મેસેજના રિપ્લાય માટે, તો જ આ વ્યસન છૂટી શકશે. ઘરના તમામ બાળકો, યુવાનોના મોબાઈલ માતા પિતાએ રોજ ચેક કરવા જોઈએ કે એમના વૉટ્સપમાં શું ચાલી રહ્યું છે ? તેઓ કેવા કેવા ગ્રુપમાં છે કેવા મિત્રો સાથે કેવી વાતો કરે છે. કેમ કે આ વૉટ્સપ ધીમે ધીમે ઝેર બનીને આપણી રગોમાં ઉતરી રહ્યું છે. જે મોબાઈલના કે ઈન્ટરનેટના આપણે માલિક હતા તેના આજે ગુલામ બની ગયા છીએ. અને આપણને ખબર પણ નથી પડી. તેથી જો આપણે આપણા પરિવારની, સમાજની ઈજ્જતને, આપણી સંસ્કૃતિને, કાર્યશક્તિને, સર્જકતાને, કલાને, સફળતાને બચાવવી હોય તો આ સોશિયલ મિડિયાનો ઉપયોગ સંયમપૂર્વક કરતા આપણે શીખવું પડશે. એક સર્વે મુજબ દુનિયાના ૭૦ % દેશોના વૉટ્સપ યુઝર ભારતથી પણ ઓછા છે. ૧૩૫ કરોડની વસ્તીવાળો દેશ જો વૉટ્સપમાં પોતાના લાખો કરોડો કલાકો સાવ વ્યર્થ રીતે ખર્ચી નાખશે તો મોંઘવારી ને ગરીબી નહીં વધે તો બીજું શું વધશે ? દરેક વ્યક્તિ મોબાઈલ પાછળ વપરાતા કલાકો પોતાના કે પરિવારના કે દેશના કામમાં વિતાવશે તો આપણને જ ફાયદો થવાનો છે. કાં આપણે સમૃદ્ધ બનીશું કા દેશ. રોજની ચારેક કલાક બચાવીને વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષામાં, કોલેજ યુનિવર્સિટીની પરીક્ષામાં, નોકરી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ખુબ સારું પરિણામ લાવી શકે છે.

મિત્રો, આ વૉટ્સપ આપણા સૌનો એક એવો દુશ્મન છે કે જે તમારા જ હાથે તમારા ઘરમાં પ્રવેશી તમને અને તમારા સંતાનોને બગાડી તમારા જ પરિવારને ખતમ કરશે, તમારા બાપદાદાઓએ તમને આપેલા સંસ્કાર ખતમ કરશે, તમારા પરિવારના સભ્યો વચ્ચેના સંબંધો બગાડશે - ખતમ કરશે. એકબીજા પ્રત્યેના માન સન્માન, આદરભાવ, બધુ જ નષ્ટ કરશે, એક જ ઘરમાં ભાઈ - પોતાની જ બહેન સામે બૂરી નજરથી જોતો થઈ જશે, આ વૉટસપે આપણી સંગેત - ચિત્ર શીખવાની કલાનો સમય નષ્ટ કર્યો છે, આવનારા સમયમાં આપણો આખો ભારતીય સમાજ છિન્નભિન્ન થઈ જશે, એની સાંસ્કૃતિક - પારિવારિક વિરાસત ખત્મ થઈ જશે. સૌ સૌની દુનિયા અલગ થઈ જશે, માટે હજી થોડો સમય છે. એનો વપરાશ તમે ખુદ ઓછો કરશો તો સંતાનોને તમે કંઈક કહીં પણ શકશો. અન્યથા આપણે તમારા જ ઘરમાં, સમાજમાં આપણા સંસ્કારો અને સંસ્કૃતિનો નાશ થતો આપણી સગી આંખે જોઈશું. અને એ પણ બહું ઓછા સમયમાં. અસ્તુ.

બાય બાય 'વાય ! મેસેન્જર'...!!!

રઝળપાટ

અજય ઉપાધ્યાય

'ભારતીય છોકરાએ કેનેડાની યુવતી સાથે લગ્ન કર્યા, બન્ને મેસેન્જર પર ચેટ કરતા કરતા પ્રેમ માં પડેલા '... આવા સમાચારો આજે અનેક પ્રકારના મેસેન્જરના ઈન્સ્ટોલેશન વચ્ચે સાવ સામાન્ય લાગે છે પણ હકીકતે આવા સમાચારો સૌપ્રથમ આવવાની શરૂઆત ૯૦ ના દશકમાં થયેલી અને એનો સઘળો અને સમ્પૂર્ણ શ્રેય જો કોઈને આપવો હોય તો એ હતું' 'યાહુ મેસેન્જર ..!' હતું એટલા માટે લખ્યું કે આ લેખ તમે વાંચતા હશે તેના એક્ઝેટ એક મહિના પછી યાનીકી ૧૭ જુલાઈથી એક આખી પેઢીનું પ્યારું 'યાહુ મેસેન્જર' કામ કરવાનું બંધ કરી દેવાનું છે...! આજે અનેકો પ્રકારના અને ટેકનીકલી સાઉન્ડ મેસેન્જર્સ માર્કેટમાં આઈ મીન મોબાઈલ સ્ટોરમાં ઉપલબ્ધ છે એવામાં યાહુ મેસેન્જર એ આ આખીયે ચીટ-ચાટનું જનક ગણી શકાય. ૯૦ ના દશકની એક આખીયે પેઢી યાહુ યાહુ કરતી ઉછરી છે. યાહુ ના આ મેસેન્જર સાથે એક આખી પેઢીની અનેકો યાદો જોડાયેલી છે એ હકીકત છે...!

અત્યારે જેમ જીમેલ નો જમાનો છે એવી રીતે ૯૦ ના દશકમાં યાહુ મેલ નું સામ્રાજ્ય હતું. કોઈને પણ ઈ-મેલ આઈ.ડી. પૂછો તો ૧૦૦ માંથી ૯૦ ના ઈ-મેલ આઈ.ડી.યાહુ જ હતા. હા એ વખતે રેડીફ કે એમ.એસ.એન. પણ હતા ખરા પણ યાહુ એનાથી એક ડગલું એટલા માટે આગળ હતું કેમકે યાહુ પાસે દમદાર અને લોકપ્રિય 'યાહુ મેસેન્જર' હતું. એ વખતે કોઈની પણ સાથે ચાટ કરવા એકમાત્ર યાહુ મેસેન્જર જ હતું અને એ લોકપ્રિય એટલા માટે હતું કે એ વખતે એના ફીચર જમાનાથી પણ આગળ હતા...! યાહુ મેસેન્જર ના અલગારી, વિવિધ અને દેશ-વિદેશના યુઝર્સ સાથે જોડતા ચાટરૂમ તો હજુ આજે પણ એટલા જ યાદ હશે. ત્યારે નેટ હજુ એટલું બધું હાથવગું નહોતું એવામાં સાંજ કે રાત પડ્યે સાઈબર કાફેમાં જઈને યાહુ માં લોગીન કરીને ચાટરૂમમાં ઘૂસીને એય ને અલક મલકના લોકો સાથે ચેટ કરવાની જે મજા હતી એવી મજા તો આજે ભલે ને અનેકો મેસેન્જર હોય તો પણ ના આવે...! જો કે યાહુના ગબડતા ભાવો અને લથડતી લોકપ્રિયતા વચ્ચે ડીસેમ્બર ૨૦૧૨ થી ચેટરૂમની આ ફેસીલીટી પણ બંધ કરવામાં આવેલી. યાહુ મેસેન્જર ની એ મજા હતી. કેવું કહેવાય નહિ કે એક જમાનામાં બધાથી આગળ અને હમેશા કશુક નવીન આપીને ટોચ પર રહેનાર યાહુ મેસેન્જર બદલાતા જમાના સાથે અને વધુ અપડેટે'ડ મેસેન્જરો વોટ્સઅપ, જીટોક, ફેસબુક મેસેન્જર જેવા સાથે હરીફાઈમાં ટૂંકું પડ્યું...!

ખેર દરેક સારી ચીજનો એક એન્ડ હોય છે એમ યાહુ મેસેન્જર પણ ૧૭ જુલાઈ પછી બંધ થશે. જો કે યાહુ મેસેન્જર કામ કરતું બંધ થશે પણ કંપનીનું કહેવું છે કે તે યાહુ મેસેન્જર ની જગ્યાએ થોડા ફેરફારો સાથે 'સ્કીવરલ' નામનું નવું મેસેન્જર એપ લાવી રહી છે જેના પર વર્તમાન યાહુ યુઝર્સ ઓટોમેટિકલી શિફ્ટ થઈ જશે. પરંતુ આ 'સ્કીવરલ'હજુ તો બેટા વર્ઝનમાં છે અને ટેસ્ટીંગ મોડમાં છે એમ કહી શકાય અને આમેય 'યાહુ મેસેન્જર' ની જે યાદો જોડાયેલી છે એનું સ્થાન તો લઈ નહિ જ શકે એ હકીકત છે. જેણે પણ યાહુ મેસેન્જર વાપરેલું છે એને પૂછી જોશો તો તરત જ કહેશે કે ભલે વોટ્સઅપ ની ફૈંટાસ્ટીક સર્વિસ હોય કે પછી ફેસબુક મેસેન્જર કે બીજા મેસેન્જર-કમ- વિડીયો કોલિંગ એપ હોય પણ જે મજા અને નેટ-વિશ્વ ની મુલાકાત યાહુ મેસેન્જરે કરાવી છે એ મુલાકાતો, નેટ નો અભૂતપૂર્વ અનુભવ, શેરીંગ ની મજા, પાછળથી યાહુમાં એડ થયેલ યાહુ કેમ ચેટ પર અનેકો અજાણ્યા લોકો સાથે ફેસ ટુ ફેસ વાત કરવાની મજાની તુલના કોઈ એપ સાથે થઈ શકે નહિ..!

જો કે અત્યારે તો વધુ અપડેટેડ મેસેન્જર એપ્સ ની આખીયે જામત ઉપલબ્ધ છે ત્યારે 'યાહુ મેસેન્જર'કોણ વાપરતું હશે એ પણ પ્રશ્ન છે પણ એક જમાનો હતો કે જયારે માત્ર ને માત્ર યાહુ મેસેન્જર જ ઉપલબ્ધ અને ટોચ પર હતું. આવું યાહૂ મેસેન્જર કેમ બંધ કરી દેવાયું એ અંગે કંપનીએ કોઈ સ્પષ્ટ કારણ આપ્યું નથી, પણ ઉડીને આંખે વળગે એવું એક જ કારણ છે કે આધુનિક મેસેન્જર એપ્લીકેશનો સાથેની હરીફાઈમાં એક જમાનાનું લોકપ્રિય યાહુ મેસેન્જર કદમ સાથે કદમ મિલાવી શક્યું નથી. યાદ રહે કે ગૂગલ પ્લે સ્ટોર પર યાહૂ મેસેન્જરની ડાઉન લોડની સંખ્યા ૫, ૦૦, ૦૦, ૦૦૦ થી પણ વધુ છે. યાહૂ મેસેન્જર વેબ મેસેજિંગ એપના મામલે સૌથી જૂની એપ છે. યાહૂ મેસેન્જર ૧૯૯૮થી ૨૦૧૮ ૧૯૯૮માં યાહૂ મેસેન્જરને યાહૂ પેજર તરીકે લોન્ચ કરવામાં આવેલું પણ ૯૦ના દાયકામાં યાહુ મેસેન્જર ઈન્સ્ટન્ટ મેસેજિંગ સર્વિસમાં પોતાની નવીનતા અને ફાસ્ટ અને લોકભોગ્ય ગ્રાફિક્સને લીધે ટોપ બની ગયું હતું. એ વેળા લાખો લોકો તેનો ઉપયોગ કરતાં હતાં. યાહુ મેસેન્જર તેના બીજા સ્પર્ધકો કરતાં કેટલાક ફીચરોમાં પછડાટ ખાતું હતું, છતાં તે વર્ષો સુધી લોકપ્રિય રહ્યું. ૨૦૦૯માં યાહૂ મેસેન્જર એપ આઈઓએસ એપ સ્ટોર પર લોન્ચ થઈ. તેને કારણે મોબાઈલ ફોન ઉપર તેનો ઉપયોગ શક્ય બન્યો. એક સમયે ખુબ જ લોકપ્રિય હોવા છતાં આધુનિક બનવાના અભાવને લીધે યાહૂ મેસેન્જર ફેસબુક, એપલ અને ગૂગલ જેવી મેસેજિંગ સર્વિસની સ્પર્ધામાં ઝઝૂમતી રહી.

જો કે ડીસેમ્બર ૨૦૧૫ માં યાહુ એ મેસેન્જરને રિલોન્ચ પણ કરેલું, કંપનીએ એક આખરી ટ્રાય તરીકે અગાઉના વર્ઝનને સ્થાને ટોટલી નવું, મેસેજીસની નવી ડીઝાઈન સાથેનું અને દેખાવ સાથેનું મેસેન્જર રિલોન્ચ કરેલું જેમાં મેસેજ અનસેન્ડ જેવું અનોખું ફીચર પણ હતું છતાં પણ મેસેન્જર બીજા મેસેન્જરો સ્પર્ધામાં ડચકા ખાવા લાગ્યું અને આ નવા યાહુ મેસેન્જર ને પણ જોઈ એવો પ્રતિભાવ મળ્યો નહિ અંતે કંપનીએ યાહુ મેસેન્જર ને જ સમૂળગું બંધ કરવાનો નિર્ણય લેવો પડ્યો. યાહુ મેસેન્જર ને સૌથી વધુ પડકાર ગુગલ તરફથી મળ્યો એમ કહી શકાય. યાહુ મેસેન્જર ના વેબ વર્ઝનને પહેલા ગુગલની જ મેસેન્જર સર્વિસ 'જીટોક' દ્વારા પડકાર મળ્યો તો યાહુ મેસેન્જર ના એપ વર્ઝનને પહેલા ગુગલના 'હેંગઆઉટ' અને પછીથી વોટ્સઅપ અને ફેસબુક મેસેન્જર તરફથી આકરી સ્પર્ધાનો સામનો કરવો પડ્યો. યાહુ મેસેન્જરના મુકાબલે લોકોને હેંગઆઉટ કે વોટ્સઅપ કે ફેસબુક મેસેન્જર વધુ ગમવા લાગ્યું અને અહી જ યાહુ મેસેન્જરે માર ખાધો. એક જમાનાનું મેસેન્જર કિંગ કહેવાતું યાહુ મેસેન્જર ઓછું વપરાવા લાગ્યું. યાહુ એ સમય સમય પર મેસેન્જરને અપડેટ કરવાની કોશિશ પણ કરેલી. હજુ હમણાં જ ડીસેમ્બર ૨૦૧૭ માં જ યાહુ મેસેન્જરના એન્ડ્રોઈડ, આઈઓએસ અને વેબ વર્ઝન અપડેટ કરેલા પણ વોટ્સઅપ, ફેસબુક, જીટોક અને બીજી મેસેન્જર એપ્સની આક્રમક અને લોકપ્રિયતા વચ્ચે યાહુની આ કામગીરી કામ ના લાવી શકી...! નો ડાઉટ યાહુ મેસેન્જરના અપડેટેડ વર્ઝનમાં એ બધું જ હતું જે આજકાલના મેસેન્જર એપમાં છે છતાં પણ કહે છે ને કે થોડા સમય માટે નિષ્ક્રિય રહેલ યાહુ મેસેન્જરના સ્થાને આવેલા બીજા મેસેન્જરો એ મેળવેલું સ્થાન યાહુ મેસેન્જર પાછું મેળવવામાં ઉણું ઉતર્યું અને આજે એ નોબત આવી કે એક વખતના હોટ ફેવરીટ મેસેન્જરને એક મહિના પછી અલવિદા કહેવી પડશે...! યાહુ જેને લોન્ચ કરવા જઈ રહ્યું છે એ 'સ્કીવરલ' તો હજુ આવવું પણ બાકી છે અને કેવું નીવડશે એ જોવું પણ બાકી છે પણ યાહુ મેસેન્જરની એ ચાટરૂમ, અવનવાં ઈમોજી, વિડીયો ચાટ હમેશા યાદ રહેશે મારા ને તમારા દિલમાં...!